

ગરમી સામે રક્ષણ - શહેરના માર્ગો પર ગરમીથી બચવા શ્રમજીવીઓ અને શાકભાજીની લારીવાળાઓ ધોમધખતા તાપમાં છત્રીની છાયામાં વેપાર-ધંધો ચાલુ રાખે છે... ગાંધીનગર - અમદાવાદના માર્ગો પરના દશ્યો તીવ્ર ગરમીની સાક્ષી પુરે છે....

# રાજ્યમાં ૬ઠ્ઠી મે દરમિયાન ખરીફ કૃષિ મહોત્સવ યોજાશે

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યના કિસાનો આર્થિક રીતે સદ્ધર થાય અને ખેડૂતોની આવક બમણી થાય તે આશયથી રાજ્યભરમાં સતત ૧૨ વર્ષથી કૃષિ મહોત્સવના માધ્યમ દ્વારા ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. જેના પરિણામે બે આંકડાના કૃષિ વિકાસ દર સાથે ગુજરાત દેશમાં અગ્રેસર રહ્યું છે. કૃષિ મહોત્સવની અપ્રતિમ સફળતાથી પ્રેરાઈને રાજ્ય સરકાર દ્વારા આ વર્ષનો ૧૩મો કૃષિ મહોત્સવ આગામી તા.૬ઠ્ઠી મે-૨૦૧૭થી તા.૨૩મી મે-૨૦૧૭ દરમિયાન રાજ્યભરમાં યોજવાનું નક્કી કર્યુ છે, એમ કૃષિ-સહકાર વિભાગની યાદીમાં જણાવાયું છે.

યાદીમાં વધુમાં જણાવાયાનુસાર રાજ્યની આણંદ, જૂનાગઢ, દાંતીવાડા અને નવસારી મળી કુલ ચાર યુનિવર્સિટી દ્વારા ઝોનદીઠ પાંચ સ્થળે ૧૮ એક દિવસીય સેમીનાર અને એક્ઝીબિશનનું આયોજન કરાશે. જેમાં તમામ જિલ્લાઓને આવરી લેવાશે. આ સેમીનારમાં તજજ્ઞો દ્વારા આધૂનિક કૃષિ તાંત્રિકતાઓ, જળસિંચન થકી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ, કૃષિ યાંત્રીકીકરણ થકી ઓછા ખર્ચે સમયસર ખેતીના કાર્યો, સંકલિત પોષણ વ્યવસ્થા થકી જમીનની તંદુરસ્ત જાળવણી, કૃષિ અને બાગાયતી પાકોની ઉત્પાદકતા વધારી તેનું મૂલ્યવર્ધન, સંકલિત રોગ અને જીવાત વ્યવસ્થાપન, આદર્શ પશુપાલન તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંગે ખેડૂતોને માર્ગદર્શન ઘર આંગણે જ આ કૃષિ મહોત્સવ દરમિયાન પુરૂ પડાશે. જેમાં પ્રદર્શનનો સમય સવારે ૮.૩૦ થી ૬.૦૦ કલાક સુધીનો રહેશે. તેમજ સેમીનાર સવારના ૯ થી બપોરના ૧ દરમિયાન યોજાશે. કૃષિની સાથે સાથે પશુપાલન ઉદ્યોગનો વ્યાપ વધે તે માટે પણ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપી પશુસંવર્ધન-પશુસંરક્ષણ માટે સ્થાનિક કક્ષાએ પશુ આરોગ્ય કેમ્પનું પણ આયોજન કરવામાં આવશે.



પાણી સમસ્યાની બોલતી તસવીર : ગરમીના આક્રમક આરંભની સાથે જ ઠેર ઠેર પાણીની સમસ્યાઓ વર્તાવા લાગી છે... નગરો - મહાનગરો અને તાલુકા સ્થાનો પર પણ પાણીની સમસ્યા માટે બહેન - દીકરીઓને દૂર દૂર સુધી ધોમધખતા તાપમાં પાણી ભરવા જવું પડે છે...

# બારકોડેડ રેશનીંગકાર્ડ આધાર નંબર સાથે ૩૦મી સુધી જોડાશે

## રાહત દરે લાભ મેળવવા લાભાર્થીઓ માટે સૂચના : આધાર ન હોય પણ આધારકાર્ડ મેળવવા માટેની અરજી કરી હોય તો નોંધણી સ્લીપને જોડાણ માટે રજુ કરી શકાશે

અમદાવાદ, તા.૧૯

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩નો અમલ રાજયમાં ૧લી એપ્રિલ-૨૦૧૬થી શરૂ થયેલ છે. આ કાયદા હેઠળ રાજયમાં લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા અન્વયે રાહત દરે લાભ મેળવવા બારકોડેડ રેશનકાર્ડ ધરાવતા લાભાર્થીઓએ આધાર નંબરનો પુરાવો રજુ કરવાનો રહે છે. તેમજ દરેક લાભાર્થીએ બારકોડેડ રેશનકાર્ડ સાથે આધાર નંબર જોડાણ કરાવવાની અરજી ૩૦મી જુન-૨૦૧૭ સુધીમાં કરવાની રહે છે. રાજયના તમામ જિલ્લા માટે જિલ્લા પુરવઠા અધિકારી જ્યારે અમદાવાદ શહેર માટે અન્ન નિયંત્રક, અમદાવાદ શહેરમાં વાજબી ભાવની દુકાનમાંથી આવશ્યક ચીજવસ્તુના વિતરણ માટે રેશનકાર્ડ ધારકોના આધાર નંબરથી ઓળખ પ્રસ્થાપિત કરી આવશ્યક ચીજવસ્તુનુ વિતરણ કરવાનું રહેશે. જે લાભાર્થી પાસે આધાર નંબર નથી કે તેઓએ આધાર નંબર મેળવવા માટે અરજી કરીને મેળવેલ આધાર નોંધણી આઈડી સ્લીપ અને બારકોડેડ રેશનકાર્ડ રજુ કરવાના રહેશે અને તેવા લાભાર્થીને તેના આધારે ઓળખ પ્રસ્થાપિત કરી આવશ્યક ચીજવસ્તુનુ વિતરણ કરવાનું રહેશે. તા.૧લી જુલાઈ-૨૦૧૭થી રેશનકાર્ડ ધારકોને રેશનકાર્ડ ઉપર આવશ્યક ચીજવસ્તુ લેવા જનાર કુટુંબના સભ્યોના આધાર કાર્ડ નંબરથી ઓળક પ્રસ્થાપિત કરીને લાભાર્થીઓને મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુનુ વિતરણ કરવાનું રહેશે. નવા બારકોડેટ રેશનકાર્ડ, રેશનકાર્ડમાં નામ ઉમેરવા અને કુટુંબ વિભાજનની અરજી સાથે કુટુંબના સભ્યોના આધાર કાર્ડ નંબરથી ઓળખ પ્રસ્થાપિત કરીને લાભાર્થીઓને મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુનુ વિતરણ કરવાનું રહેશે. નવા બારકોડેટ રેશનકાર્ડ, રેશનકાર્ડમાં નામ ઉમેરવા અને કુટુંબ વિભાજનની અરજી સાથે કુટુંબના સભ્યોના આધાર નંબરના પુરાવા આપવાના રહેશે.

# એરપોર્ટના રન-વે નજીક ઘાસમાં આગ

અમદાવાદ,તા.૧૯

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રનવે નજીકના આસપાસના ઘાસમાં આજે બપોરે અચાનક આગ ફાટી નીકળતાં અને ધુમાડાના ગોટેગોટા નીકળતાં એરપોર્ટ સત્તાવાળાઓ સહિતનું તંત્ર દોડતું થઈ ગયું હતું. આગની આ ઘટના અંગે ફાયરબ્રિગેડને જાણ કરાતાં ચાર ફાયર ટેન્કર સહિતનો કાફલો એરપોર્ટ પર પહોંચી ગયો હતો. જયાં એરપોર્ટ તંત્ર અને ફાયરબ્રિગેડના સ્ટાફે સમયસૂચકતા વાપરી આગને બુઝાવી દીધી હતી. જો કે, આગની આ ઘટનાને પગલે એરપોર્ટ પર દોડધામ મચી ગઈ હતી અને થોડા સમય માટે ફલાઈટોની આવન-જાવન અટકાવી દેવાઈ હતી. જો કે, ત્યારબાદ ફલાઈટોનો શીડયુલ રૂટીન મુજબ ચાલુ કરી દેવાયું હતું. આ બનાવની વિગત એવી છે કે, અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રનવે નજીક આજે બપોરે સૂકા ઘાસમાં અચાનક આગની જવાળાઓ ભડકી હતી. એરપોર્ટ ઓથોરીટીની નજર આ આગ પર જતાં તંત્ર દોડતું થઈ ગયુ હતું, બીજીબાજુ, એરપોર્ટ પર પણ આગના સમાચાર જાણી દોડધામ મચી ગઈ હતી. જો કે, બહુ ચિંતાની વાત ન હતી કારણ કે, રન વે નજીકના સૂકા ઘાસમાં આગ લાગી હતી. રન વે ને કે એરપોર્ટના બીજા હિસ્સાને આગની અસર કે નુકસાન થયા ન હતા. એરપોર્ટ ઓથોરીટીએ તેમના સ્થાનિક ટેન્કર અને ફાયરબ્રિગેડની મદદથી આગને એકાદ કલાકમાં કાબૂમાં લઈ લીધી હતી.

# સોમનાથમાં ભાજપની પ્રદેશ બેઠક માટે તડામાર તૈયારી

અમદાવાદ, તા.૧૯

પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, તા. ૨૧ અને ૨૨ એપ્રિલના રોજ સોમનાથદાદાના સાનિધ્યમાં ભાજપાની પ્રદેશ કારોબારી પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીની અધ્યક્ષતામાં તેમજ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની વિશેષ ઉપસ્થિતિ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને ઉત્તરપ્રદેશના નાયબ મુખ્યમંત્રી ડૉ.દિનેશ શર્મા, રાષ્ટ્રીય મહામંત્રી અને નવનિયુક્ત પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ, રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરશોત્તમભાઈ રૂપાલા, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી.સતીષજી, મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ, પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની હાજરીમાં યોજાશે. કારોબારીની વિગતો આપતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તા. ૨૦ એપ્રિલે પ્રદેશ હોદ્દેદારઓ, પ્રદેશ મોરચાના પ્રમુખઓ, જીલ્લા મહાનગરના પ્રભારીઓ અને પ્રમુખઓની બેઠક યોજાશે. જેમાં કારોબારીના મુસદ્દા તેમજ પ્રસ્તાવો અંગેની ચર્ચા વિચારણા હાથ ધરાશે. બે દિવસીય પ્રદેશ કારોબારીના પ્રથમ દિવસે સ્વાગત પ્રવચન તથા એક પ્રસ્તાવ રજુ કરવામાં આવશે. બીજા દિવસે એટલે કે, તા. ૨૨ એપ્રિલના રોજ રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પ્રદેશ કારોબારીમાં ઉપસ્થિત રહીને સમાપન માર્ગદર્શન આપશે.

## આ પણ વાંચીએ...

### ● અહીં કુતરા પાળવાની સખ્ત મનાઈ છે

મધ્ય-પૂર્વીય દેશ ઈરાનમાં કુતરાઓને પાળી શકાતા નથી. જો કોઈ વ્યકિત તે પાળે અને તેને સાર્વજનિક સ્થળોએ ફેરવે તો તેને ૭૪ કોડાની સજા ફરમાવાય છે. આ ઉપરાંત તેને



૩૭૦૦ ડોલરનો દંડ પણ ભરવો પડે છે. આ સજાની જોગવાઈ અંગે સંસદમાં ખરડો પણ પસાર કરવામાં આવશે.

### ● એક સ્થળે દેખાયા ૬૬૨ ચાર્લી ચેપ્લિન

માત્ર હાવભાવથી દુનિયાને હસાવવાવાળા હાસ્ય કલાકાર ચાર્લી ચેપ્લિનના પ્રશંસકોની દુનિયામાં કોઈ કમી નથી. તાજેતરમાં ૧૬મી એપ્રિલે ચાર્લી ચેપ્લિનના જન્મદિનો સ્વીટ્ઝરલેન્ડમાં તેમના પ્રશંસકોએ ચાર્લી ચેપ્લિન જેવી વેશભૂષા ધારણ કરી વિશ્વ રેકોર્ડ



બનાવ્યો છે. ચાર્લીના ઘરની પાસે ૬૬૨ વ્યકિતઓ ચાર્લીની વેશભૂષામાં સજજ થયા હતા ત્યારે આ રેકોર્ડ બન્યો હતો.

### ● અહીં માત્ર નહેરો દ્વારા જ થાય છે પરિવહન

નેધરલેન્ડમાં ગીએથૂર્ન નામનું એક પ્રસિધ્ધ પર્યટન સ્થળે છે જેને દક્ષિણનું વેનિસ કે નેધરલેન્ડનું વેનિસ કહેવાય છે. આ એક ખુબ જ સુંદર ગામ છે આ ગામમાં એક પણ માર્ગ નથી. બાઈક અને કાર પણ નથી. સમગ્ર વિસ્તારમાં નહેરો પથરાયેલી છે. એક સ્થળેથી



બીજા સ્થળે જવા માટે માત્ર બોટનો જ ઉપયોગ કરી શકાય છે.

# રાજ્યની સ્વનિર્ભર શાળા ફી સંદર્ભે નિયમોની ટૂંક સમયમાં જાહેરાત

અમદાવાદ, તા.૧૯

રાજયની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્વનિર્ભર શાળાઓ માટે ફી નિર્ધારણ માટેના નિયમો તૈયાર થઈ જવામાં છે અને ટૂંક સમયમાં જ તેની જાણ કરાશે, તેમ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે. આ નિયમો ઉપરાંત ઝોનલ કમિટીની કાર્યવાહી પણ પુરજોશમાં ચાલુ છે અને આગામી શૈક્ષણિક સત્રમાં ફી નિર્ધારણ અંતર્ગત ઘડાયેલા નવા નિયમોનો ઝડપથી અમલ થાય તે દિશામાં સરકાર મક્કમતાથી આગળ વધી રહી હોવાનું ચુડાસમાએ જણાવ્યું છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચાલતી તમામ ખાનગી શાળાઓને આ કાયદો લાગુ પડશે.

## કેસ ચાલશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રક્રિયાને બે વર્ષમાં પૂર્ણ કરી લેવાની માંગ કરી લેવાનો આદેશ કર્યો છે. વર્ષ ૧૯૯૨માં બાબરી મસ્જિદને તોડી પાડવાને લઈને બે કેસ દાખલ કરવામાં આવ્યા હતા. એક કેસ કેસ નંબર ૧૯૭ કાર સેવકોની સામે હતો જ્યારે બીજો કેસ કેસ નંબર ૧૯૮ હતો જે મંચ પર રહેલા નેતાઓની સામે હતો. સમગ્ર મામલે રાજકીય ગરમી ફરી એકવાર વધી ગઈ છે. ઉમા ભારતી પર દબાણ વધી ગયુ છે. સીબીઆઈ તરફથી દલીલ આપવામાં આવી હતી કે ભાજપના નેતા લાલકૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી સહિત ૧૩ અન્ય ભાજપ નેતા સામે અપરાધિક કાવતરાનો કેસ ચાલે તે જરૂરી છે. ટેકનિકલ આધાર પર તેમની સામે કાવતરાનો કેસ રદ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સીબીઆઈએ સુપ્રિમ કોર્ટમાં અપીલ કરી હતી. લખનૌમાં કારસેવકોની સામે કેસ પેન્ડીંગ છે. જ્યારે રાયબરેલીમાં ભાજપના નેતાઓની સામે કેસ ચાલી રહ્યો છે. આ કેસમાં બે જુદા જુદા મામલાને કલબ કરી દેવાનો આદેશ સુપ્રિમ કોર્ટે આપી દીધો છે. રાયબરેલીમાં ચાલી રહેલા કેસને લખનૌ લાવવામાં આવશે. બીજી બાજુ અડવાણી અને જોશી તરફથી રજુ થયેલા વકીલ વેણુગોપાલે સંયુક્ત ટ્રાયલનો વિરોધ કર્યો હતો. સાથે સાથે કેસને ટ્રાન્સફર કરવાની સામે પણ વિરોધ કર્યો હતો. સુનાવણી દરમિયાન સુપ્રિમ કોર્ટે સંકેત આપ્યા હતા કે રાયબરેલીથી કેસ લખનૌ ટ્રાન્સફર કરવા ઈચ્છુક છે. આના માટે કલમ ૧૪૨નો ઉપયોગ કરવામાં આવી શકે છે. કોર્ટે કહ્યું હતું કે આ મામલામાં દરરોજની સુનાવણી હાથ ધરવામાં આવશે.

કેસમાં પુરાવાની નોંધણી માટે દર તારીખે પ્રોસીક્યુશન સાક્ષીઓને હાજર કરવા માટે પણ કહેવામાં આવ્યું છે. આ તારીખથી ચાર સપ્તાહની અંદર કાર્યવાહી શરૂ કરવા માટે ટ્રાયલ કોર્ટને કહેવામાં આવ્યું છે. છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે બાબરી મસ્જિદ ધ્વંશ કરવામાં આવી હતી.

## વીઆઈપી કલ્ચર

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. સરકાર મોટર વ્હીકલ એક્ટની જોગવાઈને ખતમ કરવા જઈ રહી છે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારના કેટલાક ખાસ લોકોને લાલ બત્તીના ઉપયોગની મંજુરી આપવામાં આવી છે. ગડકરીએ કહ્યું હતું કે તેઓએ પોતાની ગાડી ઉપર મુકવામાં આવેલી લાલ બત્તીને દુર કરી લીધી છે. ગડકરી પોતાની સરકારી ગાડીથી આ બત્તીને દુર કરનાર પ્રથમ નેતા બની ગયા છે. ગડકરીનું કહેવું છે કે અમારી સરકાર સામાન્ય લોકોની સરકાર છે. જેથી અમે લાલ બત્તી અથવા તો હુટર્સના વીઆઈપી કલ્ચરને ખતમ કરવા આગળ વધી રહ્યા છીએ. મંત્રીએ આને મોટા લોકશાહી નિર્ણય તરીકે ગણાવીને કહ્યું હતું કે ટૂંક સમયમાં જ આ વિષય ઉપર નોટિફિકેશન જારી કરવામાં આવનાર છે. અત્રે ઉલ્લેખનિય છે કે ઘણા સમયથી માર્ગ પરિવહન મંત્રાલયમાં આના ઉપર કામ કરવામાં આવી રહ્યું હતું. આ અગાઉ પીએમઓ દ્વારા આ મુદ્દા પર ચર્ચા માટે બેઠક બોલાવવામાં આવી હતી. આ મામલો વડાપ્રધાન કચેરીમાં આશરે દોઢ વર્ષથી પેન્ડીંગ હતો. આ ગાળા દરમિયાન પીએમઓ દ્વારા સમગ્ર મામલા પર કેબિનેટ સેક્રેટરી સહિત અનેક અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા લાલ બત્તીની ગાડીઓના સંદર્ભમાં અનેક સિનિયર મંત્રીઓ સાથે વાતચીત કરી હતી. ત્યારબાદ પીએમઓને વિકલ્પો આપવામાં આવ્યા હતા. આ વિકલ્પોમાંથી એક વિકલ્પ એ હતો કે લાલ બત્તીવાળી ગાડીઓના ઉપયોગને સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવે. જ્યારે બીજો વિકલ્પ એ હતો કે બંધારણીય હોદ્દા પર રહેલા પાંચ લોકોને તેના ઉપયોગની મંજુરી આપવામાં આવે. આ પાંચ લોકોમાં રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ, લોકસભા સ્પીકર, વડાપ્રધાનનો સમાવેશ થાય છે. જોકે વડાપ્રધાને કોઈને પણ રાહત આપવાનો ઈનકાર કર્યો છે. વીઆઈપી કલ્ચરને સંપૂર્ણપણે ખતમ કરવાની દિશામાં મહત્વપૂર્ણ પહેલ કરાઈ છે.

## રાજ્યમાં પણ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉજવળ કરતા આ નિર્ણયને ગુજરાત સરકાર અનુસરશે.

કેન્દ્ર સરકારના નોટીફીકેશનો અભ્યાસ કરીને સત્વરે ગુજરાત સરકાર દ્વારા પણ અમલ કરવામાં આવશે. તેમણે કહ્યું કે, ગુજરાત સમગ્ર દેશમાં નવતર અભિગમો થકી દેશનું રોલ મોડલ બન્યું છે. તે જ રીતે આ નિર્ણયથી પણ ગુજરાત દેશને નવો રાહ ચિંધશે.

## ઉંદર મળ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઘટના અંગેનો પ્રાથમિક અહેવાલ રાજ્યકક્ષાએ પણ મોકલી આપવામાં આવ્યો છે. કાલે ખોરાક ઔષધ નિયમન તંત્રનો રિપોર્ટ આવતાં વિગતવાર અહેવાલ સરકારને મોકલવામાં આવશે.

દરમ્યાન બાળકોને પીરસવા માટે લવાયેલ તમામ જથ્થાનો તંત્રના અધિકારીઓ દ્વારા સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ બનાવને અતિ ગંભીરતાથી તંત્રએ લીધો છે.

શાળાઓમાં હાલ પરીક્ષા ચાલી રહી છે ત્યારે બનેલી આ ઘટનાથી સમગ્ર કલોલ પંથકમાં વાલી જગતમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. છેલ્લા પાંચ વર્ષથી પણ વધુ સમયથી જિલ્લાના ત્રણેય તાલુકામાં અક્ષયપાત્ર દ્વારા મધ્યાહન ભોજન યોજના માટેનું અન્ન પુરૂ પાડવામાં આવી રહ્યુ છે જે ઉલ્લેખનીય છે.

## પગાર થયો નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવા સંજોગોમાં પગાર સમયસર ન થતા કર્મચારીઓએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો છે. કર્મચારીઓનો પગાર ન થતા ભરણ પોષણ માટે પણ આર્થિક લોન લીધી હોય તેવા કિસ્સામાં તકલીફો વેઠવાનો વારો આવ્યો છે. જયારે કર્મચારીઓને સાતમા પગાર પંચનો પણ લાભ આપવામાં આવતો નથી. કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ આપવાની સાથે દર મહીને નિયમિત પગારનુ ચુકવણુ કરવામાં આવે તેવી પ્રબળ માંગ કરવામાં આવી છે. નિયમિત પગાર અને જરૂરી લાભો નહીં ચુકવવામાં આવે તો કર્મચારીઓ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in